**દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌઘરી સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ ફેડરેશન ની કારોબારી બેઠક તા.૧૩/૭/૦૮ ના રોજ ફેડરેશન નાં પ્રમુખ શ્રી કે.ટી. ચૌઘરી નાં અઘ્યક્ષ સ્થાને ખેતી વાડી ઉત્પન્ન બજાર સમિતી વ્યારા ખાતે મળી હતી. જેની કાર્યવાહી નોંઘ–**

---

**એજન્ડા નં –૩ ગત વાર્ષિક સાધારણ સભાની કાર્ય વાહી નોંઘ વંહેચી લેવા બાબત**

**ઠરાવ નં–૧** દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌઘરી સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ ફેડરેશન ની વાર્ષિક સાઘારણ સભા તા.૨૫/૫/૦૮ ના રોજ બારડોલી ખાતે મળેલી હતી જેમાં થયેલ કાર્યવાહી ઠરાવો ની કાર્ય વાહી નોંઘ ની પેનલો લેખિત સ્વરૂપે કારોબારી સભ્યોને પુરી પાડવામાં આવી અને વંચાવી લેવામાં આવી તથા વાર્ષિક સાઘારણ સભા મંજુર કરવા માં આવી ભાવિકાર્યક્રમો અને અંદાજીત બજેટ જોગવાઈ પ્રમુખ કામો કરવા સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો.

**એજન્ડા ન–૪** શ્રી સવિલાલભાઈ.આર.ચૌઘરી વાંકલ નું ઘર બળી જવાથી કરેલ સહાય રૂા.૧૦,૦૦૦/– ની કારોબારી માં બહાલી મેળવવા બાબત.

**ઠરાવ ન-૨** શ્રી સવિલાલભાઈ.આર.ચૌઘરી વાંકલ નું ઘર તા.૩૧/૫/૦૮ નાં રોજ ઈલેકટ્રીક સોર્ટ સર્કિટથી બળી જવા પામેલ હતુ. જેથી ફેડરેશન ના પ્રંમુખ ઉપ પ્રમુખ (શ્રી અરુણભાઈ ચૌઘરી થી) તથા મહામંત્રી ને સમાચાર મળતા તાત્કાલિક સહાય પેટે રૂા.૧૦,૦૦૦ /– ની સહાય તા. ૧/૬/૨૦૦૮ ના રોજ ચેક નં.૦૦૫૭૬૫ થી આપેલ જેની વિસ્તૃત ચર્ચા હાથ ઘરવામાં આવી.

આવી સહાય ચુકવવા સંઘર્ભમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ નાં નિયમો બનાવવા ઉપરાંત કઈ કઈ આપત્તિઓ માં સહાય કરવી કેટલી મર્યાદા માં સહાય કરવી તે અંગે નાં પણ નિયમ ફોર્મ ચેકલીસ્ટ વગરે બનાવવું.

ફેડરશન ની આપત્તિ વ્યવસ્થાપન સમિતિ નો પણ અભિપ્રાય મેળવવો સરકારશ્રી તરફથી પણ આવી સહાયો મળતી હોય છે જેનો લાભ સમાજનાં ખેતિય પરિવાર ને ઝડપથી મળે તેવા પ્રયાસો જે તે તાલુકા યુનિટ નાં સભ્યો એ તથા જે તે તાલુકા નું કારોબારી માં પ્રતિનિઘત્વ કરતાં કારોબારી સભ્યોએ પણ કરવા.

આગામી કારોબારી માં આ અંગેનાં નિયમો બહાલી અર્થે રજુ કરવા તથા શ્રી સવિલાલભાઈ.આર. ચૌઘરી વાંકલને રૂા.૧૦,૦૦૦/– ની ઘર બળીજવાથી જે સહાય કરવા માં આવી છે તેને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

## એજન્ડા ન–૫ સામાજીક ન્યાય સમિતિની કામગીરી ની સમીક્ષા કરવા બાબત

**ઠરાવ ન–૩** દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌઘરી સમાજ ફેડરેશન ની સામાજીક ન્યાય સમિતી નાં હુ કન્વીનર શ્રી લાલસિંગભાઈ.બી.ચૌઘરી એ સમાજ નાં સભ્યો તરફથી લગ્ન વિસ્છેદના ૫ કેસો મળેલ છે. જે પૈકી બે કેસો

કેસ ન–૧ શ્રી ચુનીલાલ વસનભાઈ ચૌઘરી મુ.મઢી તા બારડોલી જિ.તાપી ની પૂત્રી અલ્પા ચૌઘરી તથા સમાજ નાં પ્રતાપભાઈ નારસિંગભાઈ ચૌઘરી રહે વડોદરા ના પૂત્ર નિતિનભાઈ ચૌઘરી ના કેસ તા.૨૩/૦૬/૦૮ નાં રોજ આપેલો જજમેન્ટ તથા

કેસ ન–૨ શ્રી જેસીગંભાઈ વંસતભાઈ ચૌઘરી મુ. મઢી સુરાલી તા.બારડોલી જિ.સુરત પુત્ર કિશોરભાઈ ચૌઘરી તથા નારસિંગભાઈ અમરસિંગભાઈ ચૌઘરી રહે મુ.પો.સરા તા.વાંસદા જિ.નવસારી ની પૂત્રી અંજના બેન ચૌઘરી

આ બંન્ને કેસોમાં આપેલ જજમેન્ટની ચર્ચા વિચારણા કરી વંચાણે લઈ કારોબારી એ બહાલ રાખેલ હતા.તથા બાકી ૩ કેસો માંપણ ઝડપ થી જજમેન્ટો આપવા જણાવ્યુ હતુ. ખાસ કરી ને જે કેસો માં કોર્ટ માં કેસો પડતર છે તેવા કેસો નુ હિયરીગ હાથ ઉપર લેવ નહી પરતું કોર્ટ માંગયેલી પક્ષ કોર્ટ માંથી કેસ પાછો ખેંચી તે પછી જ સમાંજ નાં ઘારા ઘોરણ પ્રમાણે નિકાલ ની કાર્યવાહી કરવી.

હાલ સામાજીક ન્યાય સમિતિમાં ૭ સભ્યો છે પરતું મોટા ભાગ ના સભ્યો સુનાવણી ની કામગીરી માં મદદરૂપ થતા નથી જેથી સમાજ નાં અનુભવી સભ્યો સ્વેસ્છાએ સમિતિમાં જોડાવા માંગતા હોય તેમને આ સમિતિમાકામ કરવા સંમતિં મેળવવા નુ પણ નક્કી કરવામાં આવ્યુ .

સામાજીક ન્યાય સમિતિ એ કરેલા પુરેપુરો વહીવટી ખર્ચ મંજુર કરવા તથા નિકાલ નાં સ્થળે સભ્યો ને આવવા જવાનુ એક કીમી નુ બે રૂપિયા પેટ્રોલ ડિઝલ એલાઉન્સ તથા બસ માં મુસાફરી કરે તો પુરેપુરૂ બસ ભાડુ મંજુર કરવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યુ સમાજ ની સામાજીક ન્યાય સામેની ખુબજ સુંદર કામગીરી કરી છે. કારોબારી સભ્યોએ સર્વાનુમતે સામાજીક ન્યાય સમિતિ ને કામગીરી ને બિરદવે છે.

## એજન્ડા ન–૬ ફેડરેશન નુ ત્રિમાસિક મુખ પત્ર બહાર પાડવા ચર્ચા તથા સંપાદક સમિતિની રચના કરવા બાબત.

**ઠરાવ ન–૩** દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌઘરી સમાજ ફેડરેશન નું ત્રિમાસિક મુખ પ્રત્ર “ચૌઘરી દર્પણ” નામે બહાર પડવા વિસ્તુત ચર્ચા વિચારણા કરવામાં આવી અને સર્વાનુમતે નીચે મુજબ સંપાદક સમિતી ની રચના કરવામાં આવી તથા તેના નિતિ નિયમો પણ નક્કી કરવામાં આવ્યા.

(અ) સંપાદક સમિતી.

| ક્રમ | નામ | સરનામું | ફોન.નંબર |
|---|---|---|---|
| ૧ | શ્રી અશ્વિનભાઈ બી.ચૈધરી<br>મુખ્ય સંપાદક | બ્લોક નં.૬૭/૧,<br>ઘ-ટાઈપ,સેકટર-<br>૮,ગાધીનગર. | ફોન-૨૩૨૪૬૬૦૯<br>મો-૯૮૨૫૫૦૭૬૬૦ |
| ૨ | શ્રી અરૂણભાઈ સી. ચૈધરી<br>સહ સંપદક | એફ/૪૫,મંગલ દર્શન<br>સોસાયટી,<br>ચાણકીયપુરી ચાર રસ્તા,<br>વડોદરા-૩૯૦૦૨૩. | મો-૯૮૨૫૦૮૬૩૬૩ |
| ૩ | શ્રી પ્રા. કિશોરભાઈ કે.<br>ચૈધરી | બલોક નં.૨૧/એ,રો હાઉસ,<br>હરિનગર સોસાયટી,<br>વાવોલ,ગાંધીનગર. | ફોન-૨૩૨૮૪૨૮૯<br>મો-૯૯૭૯૭૭૦૩૫૫ |
| ૪ | શ્રી પ્રા વિક્રમભાઈ ડી. ચૈધરી<br>સભ્ય | જી/૮,વૃંદા એપારમેન્ટ,<br>પટેલ વાસની સામે ,ઈસનપુર,<br>અમદાવાદ-૩૮૨૪૪૩. | મો-૯૪૨૭૯૨૨૦૭૧ |
| ૫ | શ્રીમતી પ્રા અંજનાબેન વી.<br>ચૌધરી<br>સભ્ય | ગાંઘી વિઘાપીઠ,વેડછી<br>જી.બી.ટી.સી તા.વાલોડ<br>જિ.તાપી. | મો-૯૪૨૭૯૨૨૦૭૧ |
| ૬ | શ્રીમતી પ્રા વિક્રમભાઈ જી.<br>ચૌધરી<br>સભ્ય | આર્ટ્સ કોમર્સ કોલજે,<br>બારડોલી ,જિ.સુરત. | ફોન-<br>(૨૬૨૨)૨૨૩૩૯૮ |
| ૭ | શ્રી ડૉ.શાતિલાલ જી.<br>ચૌધરી<br>સભ્ય | બી/૨૨, સરિતાનગર, વ્યારા,<br>જિ.તાપી. | મો-૯૮૨૫૫૮૯૬૮ |
| ૮ | શ્રી અરૂણભાઈ ડી.<br>ચૈધરી<br>સભ્ય | મુ. ટીટોઈ, તા. માંડવી<br>જિ.સુરત. | મો-૯૪૨૭૯૮૩૮૮૨ |
| ૯ | શ્રી નારસિંગભાઈ આર.<br>ચૈધરી<br>સભ્ય | મુ.પો.ઠે.વજીર ફળિયુ, નવી<br>પોસ્ટ ઓફિસસામે,માંડવી,<br>તા.માંડવી, જિ.સુરત. | મો-૯૯૨૫૬૬૪૫૩૮ |
| ૧૦ | શ્રી બકુલભાઈ બી. ચૈધરી<br>સભ્ય | બી/૪૫,આમિરાત નગર,<br>બારડોલી,તા.બારડોલી<br>જિ.સરત. | મો-૯૮૨૪૬૨૮૭૬૦ |
| ૧૧ | શ્રી મુકેશભાઈ જી. ચૈધરી<br>સભ્ય (એડવોકેટ) | મુ.પો.કેળકુઈ, તા.વ્યારા<br>જિ.સુરત. | મો-૯૪૨૭૧૩૬૦૪૧ |

| | | |
|---|---|---|
| તંત્રી<br>શ્રી કે.ટી. ચૌધરી<br>પ્રમુખ<br>દ.ગુ.સમસ્ત ચૌધરી સમાજ ફેડરેશન | એલ/૭/૯૨, ઈલોરા પાર્ક,<br>વડોદરા-૩૯૦૦૨૩. | મો-૯૮૨૫૭૮૪૦૪૯ |
| સહતંત્રી<br>શ્રી પ્રભુદાસ બી. ચૌધરી<br>મહામંત્રી<br>દ.ગુ.સમસ્ત ચૌધરી સમાજ ફડરેશન | પ્લોટ ન.૯૯૭/૧,<br>સેકટર-૪/ડી,<br>ગાંધીનગર. | મો-૯૮૨૫૦૯૨૮૩૫ |

(બ) ત્રિમાસિક મુખ પત્ર "ચૌધરી દર્પણ" બહાર પાડવાના નિતી નિયમો

૧. માહિતી ખાતા પાસે નોંધણી કરાવવી.
૨. ત્રિમાસિક મુખપત્ર બહાર પાડવું. પહેલો અંક જુલાઈ– ૨૦૦૮ થી સપ્ટેમ્બર –૨૦૦૮ માં બહાર પાડવો.
૩. સંપાદક સમિતી ૧૧ સભ્યોની રચના કરવી.
૪. જેમાં અલગ અલગ ક્ષેત્રોમાંથી સભ્યોની પસંદગી કરવી (જવી કે સાહિત્ય, શિક્ષણ, આઈ.ટી (એન્જિનીયર), એગ્રીકલચર,મેડીકલ, સમાજ સેવા, કાનુની ક્ષેત્ર, રમતગમત અને સાંસ્કૃતિક ક્ષેત્ર વગેરે)
૫. ફેડરેશનના ત્રણ સહમંત્રીઓ પૈકી (૧) ની મુખ્ય સંપાદક તરીકે નિમણુંક કરવી અન્ય સભ્યો પૈકીસહ સંપાદકો રાખવા બાકીનાં ૯ સભ્યો રાખવા.
૬. તંત્રી તરીકે પ્રમુખ/મહામંત્રી રહેશે.
૭. ૧૦૦ પાનાનો અંક રાખવો ૧૦૦૦ નકલો છપાવવી.
૮. છૂટક નકલની કિંમત રૂા.૨૫/– રાખવી (પ્રથમ અંક મફત આપવો)
૯. વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/– રાખવુ.
૧૦. અંકની આજીવન સભ્ય ફી રૂા.૧૦૦૦/– રાખવુ.
૧૧. જાહેરાતો મેળવવાની કામગીરી સોંપવી.
૧૨. સમાજના પ્રોફેસરો,શિક્ષકો, અધિકારીઓ,ડૉકટરો , વકીલો તથા લેખકો હોય તેમની પાસેથીલેખો મેળવવા.
૧૩. સમાજની સંસ્કૃતિનેલગતા દસ્તાવેજો,ફોટોગ્રાફ વગેર હોય તે પણ મેળવવા.
૧૪. સમાજ ઉપયોગી સરકારશ્રીની યોજનાઓની વિગતો /ઠરાવો પણ છાપવા.
**૧૫. કયા કયા વિષયો આવરી લેવા.**

- સમાજના ઉપયોગી લેખો.
- સમાજ માર્ગદર્શન લેખો.
- ચૌધરી સમાજનાં સમાજ સુધારકોના લેખો.
- આઝાદીમાં ભાગ લેનારા સમાજનાં સ્વતંત્ર સેનાનીઓના લેખો.

- ચૌધરી સમાજના રિત–રિવાજો.
- ચૌધરી સમાજનાં દેવી દેવતા,દેવસ્થાનોની માહિતી.
- ચૌધરી સમાજનાં લગ્ન ગીતો.
- સમાજ ઉપયોગી સરકારી યોજના.
- રોજગારલક્ષી બાબતો.
- શૈક્ષણિક માર્ગદર્શનને લગતી બાબતો.
- આરોગ્ય વિષયક બાબતો/લેખો.
- ખેતીવાડીને લગતી બાબતો.
- કાનુનીસહાય અને માર્ગદર્શનની બાબતો.
- રમત ગમત સાંસ્કૃતિક બાબતો.
- સામાજીક ન્યાય પ્રક્રિયાની બાબતો.
- પ્રથમ અંકમાં તવારીખ, બંધારણ,કારોબારી, સમિતિઓ,લગ્ન ધારાધોરણ લેવા.

**૧૬. ત્રિમાસિક મેગેઝીનનાં કોલમો.**

- આચમન.
- સાંમ્પ્રત પ્રવાહ.
- સાંમ્પ્રત સમસ્યા.
- માઈલ સ્ટન.
- રોજગાર લક્ષી.
- પબ્લીક હેલ્થ અને લાઈવ હેલ્થ (ડાૅકટર ટીપ્સ)
- ખેતી વિષયક માહિતી (સિઝન પ્રમાણે/માર્કેટીંગ)
- કાનુની બાબતો.કાનુની સલાહ, મુખ્ય ધ્યાનાકર્ષ ચુકાદાઓ,ફોટો ગેલેરી.
- શિક્ષણ પ્રવાહ (ટેકનીકલ/નોન ટેકનીકલ)
- આર.ટી.આઈ.ને લગતી બાબતો.
- પેન્શનનેલગતી બાબતો/નિવૃત્તી લાભો.
- સામાજીક ન્યાય.
- ખેલકુદ.
- સાંસ્કૃતિક બાબતો.
- રકત્તદાન ડાૅનરોની યાદી.
- શૈક્ષણિક માર્ગદર્શન.
- સરકારશ્રીની ઉપયોગી યોજનાઓ/ઠરાવો.

**૧૭. મેગેઝીન માટે જાહેરાતનો ભાવ.**

- મુખપૃષ્ઠ મેગેઝીન માટે રીઝર્વ (લોગો મુકવો)
- મુખપૃષ્ઠ પાછળનું આખુ પાનું રૂા.૧૦૦૦/– અડધું પાનું રૂા.૫૦૦/– પા

ભાગનું પાનું રૂા.૨૫૦/–

- છેલ્લા પાનાના અંદરના ભાગનો ભાવ પણ ઉપર મુજબજ રહેશે.
- છેલ્લા પાનાનો ભાવ રૂા.૨૦૦૦/– અડધું પાનું રૂા.૧૦૦૦/– અડધાનું અડધુ પા ભાગ રૂા.૫૦૦/– નો રહેશે.
- અંદરના ખાલી રહેલા પેજમાં જહેરાત કે શુભેચ્છા સંદેશા માટે અડધા પાનાંનો ભાવ રૂા.૩૦૦/– અને પા ભાગ માટે રૂા.૧૫૦/–રહેશે.

## એજન્ડા ન–૭ સભ્ય નોંધણી ઝુબેશ તથા ગ્રામ સમિતી ની રચના કામગીરી સમિતી ભરવા બાબાત.

**ઠરાવ ન–૪** દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ફેડરેશન માં સભ્યો નીનોંધણી ની ઝુંબેશ શરૂ કરવા માટે વાર્ષિક સાધારણ સભામાં ચર્ચા કરવા માં આવી હતી અને સને ૨૦૦૮–૦૯ ના વર્ષ માં ૫૦૦ નોમીનલ સભ્યો.૫૦૦ પ્રાથમિક સભ્યો તથા ૧૦૦૦ જેટલા આજીવન સભ્યોની નોંધણી કરવા નો લક્ષ્યાંક રાખવા માં આવેલ છે. જે હાંસલ કરવા સર્વાનુમતે પ્રયાસો કરવા ઠરાવવામાં આવ્યુ ગ્રામ સમિતી ઓની રચના માટે તા.૧૫/૫/૨૦૦૮ નાં રોજ માંડવી ખાતે મળેલ તાકીદ ની કારોબારી સભ્યો ને જવાબદારી સોપવામાં આવી છે કારોબારી સભ્યો એ સોંપાયેલા તાલુકા માં સક્રિય સભ્યો ના પરીચય માં રહીને તા.૩૦/૧૨/૦૮ સુધી માં ગ્રામસમિતીઓ નીરચ ના પૂણ કરવાસવ ાનુમતે ઠરાવવામાં આવ્યું

## એજન્ડા ન–૮ સમાજનાં તેજસ્વી તારલાઓને સન્માન કરવા નાં ધોરણો નક્કી કરવા તથા સાર્કશીટની નકલો એકત્ર કરવા બબાત.

**ઠરાવ ન–૫** દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ફેડરેશન નાં બંધાણી ની જોગવાઈ મુજબ દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ નાં ધો–૧૦,ધો–૧૨ મેડીકલ કોલેજ કરવા બી.એડ, પી.ટી.સી ,બી.બી.એ, ફાર્મસી, એન્જી, એમફિલ, એન્જી, એમફિલ, પી.એચ.ડી પરીણા મો ને આધારે તેજસ્વી તારલાઓ ને દિવાળી વેકેશનમાં સમારંભ યોજી પ્રોત્સાહક ઈનામો આપવા કારોબારી માં વિસ્તુત ચર્ચા હાથ ધરવામાં આવી જેમા નીચે મુજબ નિતિ નિયમો નક્કી કરવામાં આવ્યા.

૧. સને ૨૦૦૭–૦૮ ના શૈક્ષિક વર્ષમાં ધો.૧૦, આર્ટસ, કોમર્સ, સાયન્સ નાં પરિણામો માં ૮૦% કેતથી વધુ ટકાવારી વાળા વિધાર્થી ઓ પાસેથ માર્કસીટ ની નકલો મેળવવી.

૨. ઈજનેરી/મેડીકલ/ફાર્મસી નાં છેલ્લા વર્ષમાં૫૦% એપાસ થયેલ તેજસ્વીતારલા ઓ પાસે જે માર્કસીટ ની નકલો મંગાવવી.

૩. ડીગ્રી કોર્ષ–છેલ્લુ વર્ષ(તમામ પ્રવાહ)૬૦% કે થીવધુ ટકાવારી વાળા વિધાર્થી ઓ પાસેથી માર્કશીટ ની નકલો મેળવવી.

૪. પોસ્ટ ગ્રેજીયુટ (તમામ પ્રવાહ) ૬૦% કે તેથી વધુ ટકાવારી વાળા વિધાર્થી ઓ પાસેથી માર્કશીટ ની નકલો મેળવવી.

૫. એમ.ફીલ,પી.એચ.ડી ડીગ્રી મેળવેલ વિધાર્થી ઓ એ ટકમવારી નિયત કરેલ નથી જેથી તમામ એ માર્કશીટ ની ઝેરોક્ષ નકલ મોકલવાની રહેછે.

૬. ૧૦ પછી ડિપ્લોમાં કોઈ પણ કોસ નાં છેલ્લાવર્ષ માં ૬૦% થી ઊપર મેળવેલ ટકાવારી વાળા વિધાર્થી ઓ એ માર્કશીટમોકલવાની રહેશે.

૭. પી.ટી.સી છેલ્લા વર્ષમાં ૮૦% થી ઊપર ની ટકાવારી વાળા વિધાર્થી ઓ એ ઝેરોક્ષ નકલ મોકલવાની રહેશે.

૮. ઈત્તર પ્રવૃતિ ઓ / પરીણાક્ષાઓ ,ચિત્રકામ /સ્પોસ્ટસ વગેરે માં રાજયકક્ષા એ કે રાષ્ટીય કક્ષા મેળવેલ સિદ્ધિઓ જ ઈનામ ને માત્ર ગણવા માં આવશે.

૯. કોઈ પણ વિષય માં ૧૦૦ માં થી ૧૦૦ માર્ક લાવના વિધાર્થી ને ખાસ પ્રોત્સાહક ઈનામ આપવામાં આવશે.

ઉપરોકત વિગતે વિધાર્થી / વિધાર્થીનીઓ પાસેથી માર્કશીટ પ્રમાણિત નકલો મેળવવા માટે ફેડરેશન સાથે સંકલિત જે તે ચૌઘરી સમાજ ના મંત્રી / પ્રમુખ ઓને પત્રથી જાણ કરવામાં આવે છે તેમણે તેમના કાર્યક્ષેત્રમાં બહોળી પ્રસિદ્ધિ કરી ને પ્રમાણપત્રો નીઝેરોક્ષ નકલોનકલો વિધાર્થીઓ પાસેથી મેળવી તા.૩૦/૯/૨૦૦૮ સુઘી માંફેડરેશન નાં કાર્યલય માંડવી,વ્યારા અથવા ફેડરેશન નાં પ્રમુખ મહામંત્રી કે અન્ય હોદ્રેદારો ને પંહોચાડવા નાં રહેશે.

આગામી કારોબારી માં આ કાર્યવાહી માંટે એક અલગ સમિતી ની રચના કરીને ઈનામો અંગે નો નિર્ણય કરવા સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું

**એજન્ડા ન–૯ ખેડુત ઉત્કર્સ સમિતી ની બેઠક બોલાવવા તથા સ્થળ તારીખ નક્કી કરવા બાબત.**

**ઠરાવ ન–૬** દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌઘરી સમાજ ફેડરશન રચિત જુદીજુદી સમિતી ઓ પૈકી ખેડુત ઉત્કર્સ સમિતી નો પણ સમાવેશ થાય છે સમાજ નાં ખેડુતોનાં ઉત્કર્સમાટે તેમજ માર્ગદર્શન માટે ખેડુત ઉત્કર્સસમિતી નીકામગીરી નાં ભાગ રૂપે હવે પછી તૂર્તજ ખેડુત ઉત્કર્સ સમિતી ની બેઠક બોલાવવા સ્થળ તથા તારીખ નક્કી કરવા ખેડુત ઉત્કર્સ સમિતી નાં
શ્રી બકુલભાઈ. જી. ચૌઘરી ને જણાવતા તેમણે તા. નાં રવિવારે મહુવરીયા ખાતે શ્રી નાથુભાઈ સુમજીભાઈ ચૌઘરી નાં ઘરે ખેડુત ઉત્કર્સ સમિતી ની બેઠક બોલાવાની જાહેરાત કરી તથા બેઠક માં ચર્ચવા નાં મુદ્દાઓનીપણ જાહેરાત કરીતથા રસ ઘરાવતા તમામ સભ્યોને ઉપસ્થિત રહેવા અનુરોઘ પણ કરવામાં આવ્યો.

**એજન્ડા ન–૧૦ ભારતીય આદિજાતી ચૌઘરી સમાજ વાંકલ ને ફેડરેશન માં સંસ્થા સભ્ય તરીકે દાખલ કરવા મળેલ અરજી/ઠરાવ અન્વયે નિર્ણય લેવા**

**બાબત.**

**ઠરાવ ન–૭** દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌઘરી સમાજ ફેડરેશન માં સંસ્થા સભ્ય થવા અંગ જોગવાઈ સંદર્ભ માં ભારતીય ચૌઘરી સમાજ વાંકલએતા.૭/૧૦/૨૦૦૭ નાં ઠરાવથી અને તા................. રશીદ નં......................રૂ. ૫૦૧ સંસ્થા સભ્ય ફી ભરી ને ફેડરેશન માં સંસ્થા સભ્ય તરીકે જોડાવા ઠરાવ રજુ કરલ હતો.

જે અન્વયે ફેડરેશન નાં મહામંત્રી એ ભારતીય આદિજાતી ચૌઘરી સમાજ વાંકલ ના પ્રમુખ શ્રી નાનુભાઈ જેઠાભાઈ ચૌઘરી ને પત્ર પાઠવી ને ભારતીય આદિજાતી ચૌઘરી સમાજનું બંઘારણ કારોબારી સમિતી તથા નોંઘાયેલા ચૌઘરીસમાજ નાં સભ્યો નીયાદીમંગાવેલ અને કારોબારી બેઠકમાં ઉપસ્થિત રહેવાજણાવેલ પરંતુ કોઈ વિગતો પુરી પાડેલ નથી તથા કારોબારી બેઠક માં કોઈ પ્રતિનિઘિ ઉપસ્થિત પણ રહેતા ન હોઈ આ એજન્ડા ઊપરનું કામ સર્વાનુમતે મુલતવી રાખવામાં આવે છે.

**એજન્ડા ન–૧૧ફેડરેશન ની કારોબારી માં મહિલા સભ્યોનો શમાવેશ કરવા બાબત.**

**ઠરાવ ન–૮** દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌઘરી સમાજ ફેડરેશન ની કારોબારી માં ૫ (પાંચ) જગ્યાઓ આરક્ષિત રાખવા માં આવેલ છે. પરંતુ છેલ્લા એક વષ થી આ જગ્યાઓ ખાલી છે. વડોદર ખાતે મળેલ સમાજ નાં બુદ્ધિજીવી અને અગ્રણીઓ ની શિબિર પણ આ અંગે પ્રશ્નો પુછયા હતા. અને ચિતા વ્યકત કરવા માં આવી હતી પરંતુ સમાજ ની કોઈ મહિલાઓ આગળ આવી ને ફેડરેશન માં જોડાવા ઉત્સુકતા બતાવેલી ન હતી. પરંતુ આજ ની કારોબારી બેઠક માંઆમંત્રીત તરીકે ઉપસ્થિત રહેલા શ્રીમતી પ્રો અંજનાબેન.વી ચૌઘરી મુ.પો. ગાંઘી વિઘાપીઠ વેડછી તથા શ્રી નંદુબેન.એસ.ચૌઘરી નાનીચેર તા. માંડવી એ સ્વેસ્છા ઓ ફેડરેશન ની કારોબારી માં મહિલા પ્રતિનિઘિ તરીકે જોડાવાની અને કામકરવા ઈસ્છા દર્શાવેલ આ બંને બહેનો ને આજ ની કારોબારી ફેડરેશન માં મહિલા કારોબારી સભ્યો તરીકે સર્વાનુમતે સમાવેશ કરવા નું ઠરાવે છે

**એજન્ડા–૧૨ પ્રમુખ સ્થાનેથી રજુ થાય તેવા મુદ્રાઓની ચર્ચા**

પ્રમુખ સ્થાનેથી રજુ કરવા નાં મુદ્રા ન હોઈ વ્યારા ચૌઘરી સમાજ તરફ થી કરવા માં આવેલ ભોજન પ્રબંઘ તથા બેઠક નાં આયોજન બદલ તથા ખેતીવાડી ઉત્પન્ન બજાર સામની વ્યારા એ બેઠક માટે સભ્યોની ખંડ નો ઉપયોગ કરવા બદલ આભાર વ્યકત કરી ને વ્યારા ખાતે ફેડરેશન નાં નવા કાર્યાલય નાં ઉદ્ઘાટન બેઠક સમાપ્ત જાહેર કરવા માં આવી.